# જીએસટી સંબંધી ગરબડ-ગેરરીતિ કરનાર સામે ઑથોરિટીઝ કેવાં પગલાં લઈ શકે છે?

સમજો જીએસટીને
પરેશ કપાસી



ગયા લેખમાં આપણે બનાવટી જીએસટીઆઇએનની ઓળખ માટેનાં લેવાઈ રહેલાં પગલાં વિશે જાણ્યું. આજે આપણે આ વિશે જ્યુરિડિક્શનલ ટૅક્સ અધિકારી શું ભાગ ભજવશે એ જોઈશું. આ ગરબડમાં અધિકારી અપરાધીનું રજિસ્ટ્રેશન સસ્પેન્ડ યા રદ પણ કરી શકે છે.

## જ્યુરિડિક્શનલ ટૅક્સ અધિકારી દ્વારા કાર્યવાહી

નોડલ અધિકારી દ્વારા જીએસટીએન/ડીજીએઆરએમ (ડાયરેક્ટરેટ જનરલ ઑફ ઍનલિટિક ઍન્ડ રિસ્ક મૅનેજમેન્ટ) પાસેથી ડેટા પ્રાપ્ત કર્યા પછી સંબંધિત જ્યુરિડિક્શનલ અધિકારી ચકાસણી પ્રક્રિયા નિર્ધારિત સમયમર્યાદામાં હાથ ધરશે.

## યોગ્ય અધિકારી નીચે મુજબની ક્રિયાઓ કરશે...

નોંધણી રદ કરવી અથવા મોકૂફ રાખવી : જો કથિત અરજદાર કે કરદાતા બનાવટી અથવા ભૂતિયો છે એમ જાણમાં આવે તો યોગ્ય ઑફિસર એના જીએસટી રજિસ્ટ્રેશનને સસ્પેન્ડ અને રદ કરવાની પ્રક્રિયા હાથ ધરશે.

ઇનપુટ ટૅક્સ ક્રેડિટ (આઇટીસી)ને અટકાવવી : કોઈ પણ વિલંબ વિના સીજીએસટીના નિયમોની કલમ ૮૬એની જોગવાઈઓ મુજબ ઇલેક્ટ્રૉનિક ક્રેડિટ લેજરમાં ઇનપુટ ટૅક્સ ક્રેડિટને અટકાવવી.

નકલી આઇટીસી પ્રાપ્તકર્તાઓની ઓળખ : ખોટી રીતે આઇટીસીના પ્રાપ્તકર્તાઓને ઓળખવાનો અર્થ એ કે અસ્તિત્વમાં ન હોય એવા કરદાતાઓ દ્વારા ફૉર્મ જીએસટીઆર-૧માં રજૂ કરાયેલ વિગતો પરથી ઇનપુટ ટૅક્સ ક્રેડિટ પ્રાપ્ત કરનારા પ્રાપ્તકર્તાઓની વિગતોની ઓળખ કરવામાં આવશે.

## પ્રાપ્તકર્તાઓ સામેની કાર્યવાહી (સમાન જ્યુરિડિક્શનમાં આવતા હોય ત્યારે)

જો પ્રાપ્તકર્તા જીએસટીઆઇએન સમાન જ્યુરિડિક્શનમાં આવતા હોય તો પ્રાપ્તકર્તા દ્વારા ખોટી રીતે લેવામાં આવતી ઇનપુટ ટૅક્સ ક્રેડિટની માગ અને રિકવરી માટે યોગ્ય કાર્યવાહી શરૂ કરી શકાય છે.

પ્રાપ્તકર્તાઓ સામેની કાર્યવાહી. (અલગ જ્યુરિડિક્શનમાં આવતા હોય ત્યારે) : એવા કિસ્સાઓમાં કે જ્યાં પ્રાપ્તકર્તા જીએસટીઆઇએન અલગ જ્યુરિડિક્શનમાં આવતા હોય ત્યારે ટૅક્સ ઑફિસરે તમામ સંબંધિત વિગતો અને સહાયક દસ્તાવેજો/પુરાવા એકત્રિત કરવા જોઈએ, આ માહિતીનું સંકલન કરવું જોઈએ અને વહેલી તકે નોડલ અધિકારીઓ દ્વારા સંબંધિત ટૅક્સ ઑથોરિટીને મોકલવા જોઈએ.

## માહિતી મોકલનાર અધિકારી નીચેની માહિતી પ્રાપ્તકર્તાની ટૅક્સ ઑથોરિટીને મોકલશે

૧. અસ્તિત્વમાં નથી એવા સપ્લાયરનો જીએસટીઆઇએન એનાં નામ અને સરનામા સાથે
૨. પ્રાપ્તકર્તાનો જીએસટીઆઇએન
૩. પ્રાપ્તકર્તા(ઓ)નું નામ અને સરનામું
૪. ટૅક્સની રકમ / સામેલ આઇટીસી (રૂપિયા લાખમાં)

માસ્ટરમાઇન્ડ્સ/ લાભાર્થીઓને ઓળખવા : આગળની કાર્યવાહી માટે જ્યારે જરૂર પડે ત્યારે આવા નકલી જીએસટીઆઇએન પાછળના માસ્ટરમાઇન્ડ્સ/ લાભાર્થીઓને ઓળખવા માટે પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે. આગળ, સીજીએસટી/એસજીએસટી ઍક્ટની કલમ ૮૩ની જોગવાઈઓ મુજબ, સરકારી લેણાંની પુનઃપ્રાપ્તિ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે અને/અથવા તેમની મિલકત પર / બૅન્ક ખાતાઓ પર કામચલાઉ રીતે ટાંચ મૂકવી વગેરે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. શંકાસ્પદ રીતે જોડાયેલા જીએસટીઆઇએન સામેની કાર્યવાહી: તપાસ અથવા ચકાસણી પ્રક્રિયા દરમ્યાન જો કોઈ શંકાસ્પદ રીતે જોડાયેલા જીએસટીઆઇએન મળી આવશે તો, આવી છળ-કપટભરી પ્રવૃત્તિઓમાં સંકળાયેલ એન્ટિટીઝને માટે સમાન કાર્યવાહી શરૂ કરવામાં આવી શકે છે.

## કરદાતાઓ માટે લેવાં જેવાં જરૂરી પગલાં...

આ ઝુંબેશ હેઠળ, મોટા પાયા પર વ્યવસાયની જગ્યાની ચકાસણી ફીલ્ડ ઑફિસર દ્વારા હાથ ધરવામાં આવશે. આ ચકાસણી બન્ને, અસલ અને બનાવટી રજિસ્ટર્ડ વ્યક્તિઓનાં સ્થળોએ કરી શકાય છે. એથી, જીએસટી-રજિસ્ટર્ડ વ્યક્તિઓએ કોઈ પણ પ્રતિકૂળ કાર્યવાહીને ટાળવા માટે નીચેના મુદ્દાઓની નોંધ લેવી જરૂરી છે...

૧. વ્યવસાયના મુખ્ય સ્થળના પ્રવેશ દરવાજા અને વ્યવસાયના દરેક વધારાના સ્થળ પર નામનું બોર્ડ કે જેમાં નામ, સરનામું, રજિસ્ટર્ડ વ્યક્તિની જીએસટીઆઇએન વિગતો દર્શાવો. (સીજીએસટી નિયમોમાંનો નિયમ ૧૮(૨), ૨૦૧૭.)

૨. વ્યવસાયના મુખ્ય સ્થળ અને વ્યવસાયનાં વધારાનાં સ્થળો પરનાં અગ્રણી સ્થળોએ જીએસટી નોંધણી પ્રમાણપત્ર પ્રદર્શિત કરો. (સીજીએસટી નિયમોમાંનો નિયમ ૧૮(૧), ૨૦૧૭).

૩. ચકાસણી માટે નીચેના દસ્તાવેજો તૈયાર રાખો...

૧. કેવાયસી : પ્રોપ્રાઇટર, ભાગીદારો અથવા ડિરેક્ટર્સનાં પૅન કાર્ડ અને આધાર કાર્ડ

૨. ઍડ્રેસ પ્રૂફ : રેન્ટ ઍગ્રીમેન્ટ (ભાડા કરાર), વીજળી બિલ, એનઓસી વગેરે તમારા કિસ્સામાં જે જરૂરી હોય એ પ્રમાણે.

૪. ખાતરી કરી લો કે દરેક વધારાનાં ધંધાકીય સ્થળોનું જીએસટી હેઠળ અગાઉથી જ રજિસ્ટ્રેશન કરેલું હોય. જે સ્થળ જીએસટી હેઠળ નોંધાયેલ નથી એવા સ્થળ પર નોંધાયેલ વ્યક્તિને માલ ખરીદવા, વેચવા અથવા સ્ટોર કરવાની મંજૂરી નથી.

૫. જો એક જ પરિસરમાં બહુવિધ વ્યવસાયો નોંધાયેલા હોય તો, દરેક વ્યવસાયની જગ્યાને ઓળખવા માટે સ્પષ્ટ સીમાંકન કરેલું હોવું જરૂરી છે.

૬. જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બી અપ ટુ ડેટ ફાઇલ કરો.

૭. જો વર્તમાનમાં કોઈ વ્યવસાય ન કરાતો હોય એવા સંજોગોમાં, જીએસટી નોંધણી રદ કરવા માટે જરૂરી કાર્યવાહી કરેલી હોવી જોઈએ.

૮. વ્યવસાયની મુખ્ય જગ્યા પર હિસાબી ચોપડાઓ જાળવવા અને વેચાણ બિલો અને ખરીદ બિલો આવી જગ્યાના રજિસ્ટર્ડ વ્યક્તિના તાબામાં હોવા જરૂરી છે.

લેખક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. તેમનો સંપર્ક કરી શકો છો
feedback@mid-day.com